હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન તું રક્ષાબંધન માટે મીઠાઈની જગ્યાએ ઊકાળો લાવી તેમ તને ડ્રેસની જગ્યાએ માસ્ક ગીફ્ટમાં આપું છું...!!

શહેરના ગ-૩ સર્કલની પાસે સ્ટોર્મ વોટર લાઈનનું ઢાંકણ તુટી જવા પામ્યું છે. જેને કારણે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો માટે સાવચેતી રાખવી જરુરી બની છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં વારંવાર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરના ઢાંકણા તુટી જવાની સમસ્યા સર્જાઈ રહી છે જેનો કાયમી ઉકેલ આવે તે દિશામાં તંત્ર એ વિચારવાની જરૂર જણાય છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સીંગ ન જળવાયાની વાતોએ આજે ભારે ચર્ચા જગાવી હતી.
- આજે ગાંધીનગર શહેરના રાખડી બજારમાં તથા મિઠાઈની દુકાનો પર ભારે ભીડ જોવા મળતી હતી.
- કલોલ તાલુકાના નારદીપુર ગામે આજે રક્તદાન કેમ્પનું આયોજન કરાયુ હતુ. જેને સફળ બનાવવા માટે સરપંચ તેમજ યુવા અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.
- સે. ૨૫ માં બસસ્ટેન્ડ નજીક જ ભુવો પડ્યો હોવાથી વસાહતીઓમાં ભયની લાગણી ઉભી થઈ છે.
- ગાંધીનગર શહેરમાં હાલ કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધીને ૨૦૦ને પાર કરી ગઈ છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો વધતાં જનજીવન પર પણ તેની ભારે અસરો જોવા મળી રહી છે.

ચરેડી છાપરા પાસે જુગાર રમતા ૪ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૨

શહેરની સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તાર નજીક આવેલા ચરેડી છાપરા પાસેથી બાજી માંડીને બેઠેલા ૪ શકુનીઓને સેકટર-૨૧ પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે બાતમીને પગલે ચરેડી છાપરા પાસે રેઈડ પાડીને જુગાર રમી રહેલા શકુનીઓમાં સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા વિષ્ણુભાઈ પ્રભુભાઈ પ્રજાપતિ(ઉં૨૫), ચરેડી છાપરા ખાતે રહેતા ફૈઝલ શેરખાન પઠાણ (ઉં.૨૩), અનિલ ભીખાભાઈ સોલંકી (ઉં.૨૭), તેમજ સે-૧૫ ફતેપુરા ખાત વસવાટ કરતા રાકેશ મેલાજી ઠાકોર (ઉં.૨૫) નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી અંગજડતી અને દાવ પરથી રોકડ રકમ રૂ.૧૧,૭૫૦ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો ૬૫મો જન્મદિન

શુભેચ્છાઓનો અવિરત પ્રવાહ દિવસ ભર વહેતો રહ્યો

દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, રક્ષામંત્રી રાજનાથ સિંહ-ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આપી ટેલિફોનિક શુભેચ્છા

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રા વધુ વેગવાન બને એવા આશિષ પાઠવતા મહંત સ્વામી

ગાંધીનગર, તા. ૨

કોમનમેન તરીકેની છાપ ધરાવતા રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ૬૫માંજન્મ દિવસના અવસરે દિવસની શરૂઆત પર્યાવરણના જતન માટે ૭૧મા વન મહોત્સવના શુભારંભથી કરી હતી.

દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિદજી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહે ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રા વધુ વેગવાન બને એવા આશિષ પાઠવ્યા હતા.

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે ટેલીફોનીક વાતચીત કરીને ૬૫મા જન્મદિનની શુભકામનાઓ આપી હતી. રાષ્ટ્રપતિએ મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત વિકાસની જે નવી ઉંચાઈઓ પાર કરી રહ્યું છે તે માટે પણ અભિનંદન પાઠવ્યા હતા અને તેઓના લાંબા આયુષ્યની કામનાઓ વ્યક્ત કરી હતી.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને તેમના જન્મ દિવસે શુભેચ્છાઓ પાઠવી, જન્મ દિવસના અભિનંદન આપ્યા હતા. વડાપ્રધાને મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત રાજ્યની વિકાસ યાત્રા ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે તે માટે પણ અભિનંદન આપીને વિજયભાઈ રૂપાણીના દીર્ઘાયુ અને સ્વાસ્થ્યપ્રદ જીવનની કામના કરી હતી.

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિતભાઈ શાહે પણ મુખ્યમંત્રીને ટેલિફોનિક શુભકામનાઓ પાઠવી તેમનુ આરોગ્ય નિરોગીમય રહે અને એમના નેતૃત્વમાં રાજયની વિકાસયાત્રા અવિરત રાખે એવી શુભકામનાઓ પાઠવી હતી.

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે ટેલીફોનીક વાતચીત કરીને જન્મદિનની શુભકામનાઓ આપી હતી અને તેમનું આરોગ્ય નિરોગી રહે, રાજયના નાગરિકોને જનહિતકારી લાભો અવિરત પણે આપતા રહે એવા શુભાશિષ પાઠવ્યા હતા.

બીએપીએસ સંસ્થાના વડા પૂજ્ય મહંત સ્વામીએ પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને જન્મ દિન નિમિતે ટેલિફોન કરીને શુભ આશિષ પાઠવ્યા હતા. પૂજ્ય મહંત સ્વામીએ ભગવાન સ્વામી નારાયણની અવિરત કૃપા-આશિષ વિજયભાઈ રૂપાણી પર વરસતા રહે, ગુજરાત મુખ્યમંત્રીના નેતૃત્વમાં વધુને વધુ ઉન્નતિ કરે તેવી વાંછના પણ કરી હતી.

રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિત મંત્રી મંડળના સભ્યો, વિવિધ સમાજના અગ્રણીઓ, વિવિધ સમાજસેવી સંસ્થાઓના પ્રતિનિધિઓ, સામાજિક કાર્યકરો સહિત અનેક પદાધિકારીઓ અને નાગરિકોએ મુખ્યમંત્રી સાથે ટેલીફોનિક વાત કરી શુભેચ્છાઓ આપીને ગુજરાત એમના નેતૃત્વમાં વધુ પ્રગતિ કરે એવા આશીર્વાદ પાઠવ્યા હતા.

ચિલોડા રાખડી બજારને કોરોનાનું ગ્રહણ : વેપારીઓમાં નિરાશા

ચિલોડા, તા. ૨

પવિત્ર શ્રાવણ માસમાં તહેવારોની સીઝનનો પ્રારંભ થઈ ચુક્યો છે. ત્યારે કોરોના વાયરસ સંક્રમણને લીધે મુખ્ય તહેવાર રક્ષાબંધનની ઉજવણી ફિક્કી જણાઈ રહી છે. હાલમાં તહેવારોની ઉજવણીમાં કોરોના વાયરસથી લોકોમાં ડરનો અનુભવ કરી રહ્યા છે. ત્યારે ચિલોડા જંકશન મથક દર તહેવારોમાં ભારે ઉત્સાહપૂર્વક તહેવારપ્રિય લોકોની ભીડ વધુ જોવા મળે છે ત્યારે હાલમાં શ્રાવણી પુનમે રક્ષાબંધનનો મુખ્ય તહેવારમાં ચિલોડા બજાર હરહંમેશ લોકો ખરીદી-વેચાણ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. પરંતુ કોરોના વાયરસના સંક્રમણના ડરથી વેપારીઓ, ખરીદ-

વેચાણકર્તા, તેમજ અન્ય નાગરિકોની હેરાફેરી નહીવત જણાતાં ચિલોડા બજાર સાવ મંદીના ચક્કરમાં ફસાતાં વેપારીઆલમમાં કોરોનાનુ ગ્રહણ લાગતાં નિરાશાજનક બન્યું છે. આમ છતાં ચિલોડા, દહેગામ, સાદરા, ગાંધીનગર માર્ગ પર રક્ષાબંધન નિમિત્તે લારીઓ તથા પાથરણાવાળા રાખડી બજારમાં લોકોની ભીડ નહીવત જણાતાં શુષ્ક વાતાવરણ જણાતાં લોકોમાં કોરોનાના ડરથી સ્વયંભૂ બજારમાં જવાનુ ટાળી ઘરમાં રહો સુરક્ષિત રહોના મંત્રને સાર્થક કરવા કટીબદ્ધતા વ્યક્ત કરી રહ્યા છે. રાખડી બજારમાં લારીઓ દૂર દૂર અંતરે ઉભી રાખી છતાં લોકોની ઓછી હાજરીથી ભીડનો અભાવ જોતાં બજાર સાવ ફિક્કુ જણાતાં લોકોએ સ્વયંભૂ બહાર ન નીકળવાનુ મુનાસિબ માન્યુ છે.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા ફ્રેન્ડશીપ ડે નિમિત્તે વૃક્ષોને નાડાછડી બાંધવામાં આવી

ગાંધીનગર, તા.૨

વનશ્રી ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી વૃક્ષો સાથે મિત્રતા કરવામાં આવે છે. જેમાં યુવાઓ, વૃધ્ધો, વડીલો તમામ જોડાય છે. વૃક્ષો એ આપણા પરોપકારી મિત્ર છે. જે આપણને પ્રાણવાયુ આપે છે. વૃક્ષોને એકબીજાની ફેકટરી પણ કહી શકાય. આજે સેકટર-૪ વખતે ફ્રેન્ડશીપ ડે નિમિત્તે સંસ્થા દ્વારા વૃક્ષોને નાડાછડી બાંધીને મિત્રતા કરવામાં આવી અને દરેક દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી કે અમે જીવશું ત્યાં સુધી વૃક્ષોનું રક્ષણ કરીશું. આ કાર્યક્રમ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના સેનટરી વાઈલ્ડલાઈફ વોર્ડન અંજના નિમાવત દ્વારા વૃક્ષઃ સર્વસ્થ જીવન એમ સુત્ર આપવામાં આવ્યું અને વૃક્ષનું મહત્વ સમજાવાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વનશ્રી ટ્રસ્ટના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ડેકોરેટીવ ઓનલાઈન ફરાળી વાનગી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨

હાલ કોરોનાની મહામારીને કારણે શ્રાવણ મહિનામાં બહેનો દર વર્ષની જેમ મંદિરમાં ભેગા થઈ શિવજીની ભકિત કરી શકે તેમ નથી ત્યારે શ્રાવણ મહિનામાં નગરની સંસ્કૃતિ મહિલા પરિવાર સંસ્થાની બહેનો દ્વારા ઓનલાઈન શિવરાવ સ્તુતિ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત અગિયારસ નિમિત્તે સંસ્થા દ્વારા ઓનલાઈન ડેકોરેટીવ ફરાળી વાનગી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં બહેનોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લઈ અવનવી વાનગીઓ બનાવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ પ્રતિભાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. વાનગી સ્પર્ધા અંતર્ગત સ્વીટ ફરાળી વાનગીમાં પ્રથમ ક્રમે સરલાબેન ગોર, દ્વિતિય અંત:કુંવરબા, તૃતિય ક્રમે ચંદ્રિકાબેન રાવલ અને ચતુર્થ ક્રમે જયશ્રીબેન ભટ્ટ સાથે ફરાળી ફરસાણ વાનગીમાં પ્રથમ ક્રમે આરતીબેન, દ્વિતિય અલ્પાબેન ગોર, તૃતીય દેવીબેન શુકલ અને ચતુર્થ ક્રમે જયશ્રીબેન ભટ્ટ આવ્યા હતા.

સંસ્કાર ગ્રુપ દ્વારા પરિવાર તથા મિત્ર સાથે ઘરે બેઠા રક્ષાબંધન ઉજવવા અપીલ

ગાંધીનગર, તા.૨

સંસ્કાર ગ્રુપ દ્વારા રક્ષાબંધન નિમિત્તે ગ્રુપના દરેક સભ્યો પોતાના પરિવાર-મિત્રો સાથે ઘરે ઉગાડેલ તેમજ આજુબાજુના વૃક્ષોને ગ્રુપના સભ્યો સાથે તિલક કરી રાખડી બાંધશે તથા બહેન ભાઈને રાખડી બાંધી ફોટોગ્રાફ મોકલાવી ભાગ લે અને ઘરે બેઠા પરિવાર, મિત્રો સાથે રક્ષાબંધનની ઉજવણી કરીએ તેમ સંસ્કાર ગ્રુપના તુષારભાઈ દવેએ જણાવ્યું છે.

ક્ષત્રિય ઠાકોર પરિવાર પરિચય પુસ્તિકાનું પ્રકાશન

ગાંધીનગરના સુદર્શન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સરગમ કલ્ચરલ ગ્રુપ દ્વારા 'ક્ષત્રિય ઠાકોર પરિવાર પરિચય પુસ્તિકા-૨૦૨૦'નું પ્રકાશન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના ૭૮૮ કુટુંબોની સંપૂર્ણ માહિતી સામેલ કરવામાં આવી છે. આ સાથે પુસ્તિકામાં સરકારી યોજનાઓના મળતા લાભો અંગે પણ માહિતી આપવામાં આવી છે. આ પુસ્તિકા મેળવવા માટે સંસ્થાના પ્રતિનિધિના મો.નં. ૮૩૨૦૪૧૩૯૩૦ અથવા ૯૭૨૫૦૧૮૬૭૭ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

બીએપીએસ ગાંધીનગર ક્ષેત્ર-૧ના વાવોલ મહિલા મંડળ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે ઓનલાઈન મહિલા સભાનું આયોજન કરીને

હિંડોળા તથા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ભકિત-કિર્તન સાથે હરિભકત મહિલાઓએ ભાગ લીધો હતો. કથાવાર્તાના માધ્યમ દ્વારા ધર્મિષ્ઠા શર્માએ હિંડોળા અંગે માહિતી આપી હતી. જયારે ગાંધીનગર ક્ષેત્રના સંયોજક મિનાક્ષીબેન ભાવસારે સ્વ. પ્રમુખસ્વામી મહારાજ વિશે અનેક આત્મીયભર્યા પ્રસંગો વર્ણવ્યા હતા. જેમાં રક્ષાબંધન પર્વના દૃષ્ટાંતોનો પણ સમાવેશ થતો હતો.

કામના સ્થળે 'વાસ્તુશાસ્ત્ર'ની પૌરાણિક પરંપરા અપનાવશો તો સુખી, અનાદર કરશો તો દુ:ખી

ઓફિસ કે દુકાનમાં દિશા અને કલર પસંદગીનું મહત્વ છે, જગ્યાનું બ્રહ્મસ્થાન હળવું રાખો

વાસ્તુશાસ્ત્રનો મૂળ સ્ત્રોત જ્યોતિષશાસ્ત્ર છે જેમાં ગ્રહોનું સ્થાન પણ અગત્યનો ભાગ ભજવે છે

માનો યા ના માનોઃ વાસ્તુશાસ્ત્રના યોગ્ય પ્રયોજનથી બિઝનેસમાં ઉત્પાદન અને વેચાણ વધે

- ગૌતમ પુરોહિત

કોઈપણ બિઝનેસની સફળતાનો આધાર તેના વાસ્તુ શાસ્ત્રને આધિન છે. વાસ્તુદોષ હશે તો દુકાન, ઓફિસ કે બિઝનેસમાં નુકશાન થવાનું છે પરંતુ જો તેમાંથી વાસ્તુદોષને દૂર કરવામાં આવે તો પ્રગતિની શરૂઆત થાય છે. કહેવાય છે કે દુકાન કે ઓફિસમાં માલિકની કેબિન સૌથી પહેલાં નહીં હોવી જોઈએ. રૂમના બારણાની સામે ટેબલ ન હોવું જોઈએ. દુકાન કે ઓફિસની દિવાલો પર ઘેરા રંગનો ઉપયોગ કરવો ન જોઈએ. સફેદ, ક્રીમ કે પીળા રંગનો ઉપયોગ કરવાથી નેગેટીવ એનર્જી ખતમ થાય છે અને પોઝિટીવિટી વધે છે. કોમ્પ્યુટર કે વીજળીથી ચાલતી મશીનરી આગ્નેય (દક્ષિણ-પશ્ચિમ) કોણમાં રાખવી જોઈએ. વાસ્તુ પ્રમાણે એક ટેબલ પર એક થી વધુ વ્યક્તિ બેસવી ન જોઈએ, કારણ કે એક બીજા પર નેગેટીવ પ્રભાવ પડે છે. ઓફિસ અને દુકાનમાં ઉત્તર-પૂર્વ દિશામાં કાચ લગાડવાથી વેપારમાં વૃદ્ધિ થાય છે. ઈશાન કોણ એટલે કે ઉત્તર-પૂર્વ દિશામાં પાણીની વ્યવસ્થા અને મંદિરની સ્થાપના લાભદાયી છે. ઓફિસ કે દુકાનના પૂર્વ ભાગમાં લાકડાનું ફર્નિચર વેપારની વૃદ્ધિ કરાવે છે. વાસ્તુશાસ્ત્રમાં એવું પણ કહેવાય છે કે ઓફિસ કે દુકાનના મુખ્ય દરવાજાની પાસે લાલ તેમજ સિંદૂરી કલરથી ઓમ નું ચિન્હ બનાવવાથી નકારાત્મક ઉર્જા દૂર રહે છે. બ્લૂ કલર ભગવાન શિવને પ્યારો છે તેથી કામના સ્થળે ઉત્તર દિસામાં બ્લુ રંગના તાજા ફૂલો હોવા જોઈએ.

પૌરાણિક વારસાનો આજે પુનઃજન્મ થયો છે...

"છેલ્લા બે દસકામાં વિવિધ ઉદ્યોગ ક્ષેત્રે ગળાકાપ હરિફાઈનું પ્રમાણ વધતાં તેની સાથે ખોટનું પ્રમાણ પણ વધતાં ભારતના પૌરાણિક વારસા સમાન વાસ્તુશાસ્ત્રનું મહત્વ હજારો વર્ષો બાદ ફરી સમજાતાં તેનો પુનઃજન્મ થયો છે." —આંધ્રપ્રદેશના જાણીતા વાસ્તુશાસ્ત્રી ડો. રવિ રાજનું આ વિધાન છે. તેઓ કહે છે કે ધંધા અને વ્યવસાય ક્ષેત્રે ઔદ્યોગિક વાસ્તુશાસ્ત્ર ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. મહાભારતના સમયમાં વિશ્વકર્માએ વાસ્તુશાસ્ત્રનો ઉપયોગ કરીને પાંડવો માટે ઈન્દ્રપ્રસ્થ બનાવ્યું હતું, ત્યાર પછીના અકબરના સમય સુધી વાસ્તુશાસ્ત્ર જીવંત હતું પરંતુ અંગ્રેજોના શાસન દરમ્યાન તે લોપ થઈ ગયું હતું, આજે ફરીથી ચીનના ફેંગ શૂઈની જેમ વાસ્તુશાસ્ત્ર લાઈમ લાઈટમાં આવ્યું છે.

નસીબ ખરાબ નહીં, કુદરતના નિયમની વિરૂદ્ધ છો...

વાસ્તુશાસ્ત્રના મૂળ તત્વો કોઈપણ જગ્યાએ હવા, પાણી, દિશા, લેવલ અને તરંગો હોય છે. ખરેખર તો વાસ્તુશાસ્ત્રની દ્રષ્ટીએ યોગ્ય જગ્યાએ યોગ્ય વસ્તુઓની ગોઠવણી જરૂરી છે. એક જ ક્ષેત્રમાં એક વ્યક્તિને જબરદસ્ત સફળતા મળે છે અને બીજા વ્યક્તિને નિષ્ફળતા મળે છે. આ બન્નેની મહેનત સરખી હોય છે પરંતુ આવું કેમ થાય છે?... આ સ્થિતિને લોકો નસીબ સાથે સરખાવે છે પરંતુ હકીકતમાં એવું નથી. કોઈનું નસીબ ખરાબ હોતું નથી. વાસ્તુની ડિઝાઈન ખોટી હોય છે અથવા નિષ્ફળતા જેને મળી છે તે વ્યક્તિ કુદરતના નિયમોની વિરૂદ્ધ જઈને બિઝનેસ કરે છે.

જ્યાં મન ઠરે, વાઇબ્રેશન આવે તે જગ્યા ઉત્તમ...

વાસ્તુશાસ્ત્રનો મૂળ સ્ત્રોત જ્યોતિષશાસ્ત્ર છે જેમાં ગ્રહોનું સ્થાન પણ ભાગ ભજવે છે. દરેક પ્લોટ કે જગ્યાના પોતાના વાઈબ્રેશન અલગ અલગ છે. પહેલી નજરે કેટલાક તરંગો ગમે છે, તો ગમતા નથી. ઉચાટ અનુભવાય છે. ગુજરાતના પ્રસિદ્ધ અંબાજી મંદિરની રચના એવી છે કે જ્યાં મનની શાંતિ, શરીરની સ્ફૂર્તિ અને દુખોને ભૂલવાની શક્તિ મળે છે. પૃથ્વીની આજુબાજુનું ચૂંબકીય પરિબળ પણ વાસ્તુશાસ્ત્ર ઉપર અસર કરે છે. એવી જ રીતે જગ્યા પ્રમાણે ઉદ્યોગ જૂથના સ્ટાફનો યુનિફોર્મ અને વિવિધ નંબરો પણ ભાગ ભજવે છે. ઓફિસની કેબિનના નંબરો પણ જગ્યા જોઈને નક્કી થાય છે. એક થી નવ સુધીના નંબરો નવ ગ્રહ પરથી નક્કી થયાં છે. કોઈપણ આર્કિટેક્ટ ગમે તેટલી ભવ્ય ડિઝાઈન બનાવે પરંતુ વાસ્તુશાસ્ત્રની અવગણના કરી હશે તો તે ફેક્ટરી કે ઉદ્યોગ નિષ્ફળ જવાની સંભાવના વધી જાય છે.

ઉદ્યોગનો પ્લોટ કેવો અને ક્યાં હોવો જોઈએ...

ડો. રાવ માને છે કે કોઈપણ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નદીના પટ પાસે, સ્મશાન કે કબ્રસ્તાનની ઉપર કે તેની નજીક કે પર્વતની તળેટીમાં હોવો જોઈએ નહીં. આ ઉપરાંત જો પ્લોટ ફેક્ટરી કે ઓફિસની અંદર મંદિર બનાવીને ભગવાનની સ્થાપના કરવી હોય તો તેની દિશા દક્ષિણ-પશ્ચિમ ન હોવી જોઈએ. વાસ્તુ માત્ર પરિણામ આપે છે પરંતુ સમૃદ્ધિ માટે મહેનત કરવી પડે છે. જો પ્લોટ ચોરસ હોય તો તેના ૭૦ પોઈન્ટ અને લંબચોરસ હોય તો તેના ૩૦ પોઈન્ટ ગણવા જોઈએ. જો પ્લોટની બાજુમાં એક રસ્તો પસાર થતો હોય તો તેના ૫૦ ગણાય છે. બે રસ્તા પસાર થતાં હોય તો ૪૫ પોઈન્ટ, ત્રણ રસ્તા પસાર થતાં હોય તો ૬૦ પોઈન્ટ અને ચાર રસ્તા પસાર થતાં હોય તો ૭૦ પોઈન્ટ ગણવા જોઈએ. વળી જો પ્લોટનું લેવલ અંદરથી સમાંતર હોય તો તેના ૭૦ પોઈન્ટ, ઉંચું નીચું હોય તો ૪૦ પોઈન્ટ અને વચ્ચેથી ઉંચુ હોય તો ૨૦ પોઈન્ટ ગણી શકાય છે.

પ્લોટના દરવાજા કેટલા અને ક્યાં હોવા જોઈએ...

જો ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ કે ફેક્ટરીનો મુખ્ય દરવાજો તેના સેન્ટરથી દક્ષિણ તરફ હોય તો તેના ૨૦ પોઈન્ટ, પશ્ચમ તરફ હોય તો ૨૫ પોઈન્ટ, પૂર્વ તરફ હોય તો ૪૦ પોઈન્ટ અને ઉત્તર તરફ હોય તો ૬૦ પોઈન્ટ ગણાય છે. એવી જ રીતે પ્લોટનો એક જ દરવાજો ગોય તો ૩૦ પોઈન્ટ, બે દરવાજા હોય તો ૪૦ પોઈન્ટ, ત્રણ દરવાજા હોય તો ૫૦ પોઈન્ટ અને ચાર દરવાજા હોય તો ૬૦ પોઈન્ટ ગણાય છે. જો ફેક્ટરી કે પ્લોટના મુખ્ય દરવાજા પાસે ડેડ એન્ડ એટલે કે મુખ્ય રસ્તો પુરો થતો હોય તો તે ઉદ્યોગ પ્રગતિ કરી શકતો નથી અને તેનું આયુષ્ય ૧૪ વર્ષનું હોય છે. આવી સ્થિતિમાં માઈનસ પોઈન્ટ આપવા પડે છે.

કુલ પોઇન્ટનો સરવાળો ૧૦૦થી વધવો જોઇએ...

આ પ્રકારના તમામ ધોરણો પ્રમાણે જેમના કુલ પોઈન્ટનો સરવાળો ૧૦૦થી ઓછો થતો હોય તો તેમને વર્ષના છ મહિના બિન ઉત્પાદક અને કાનૂની પ્રવૃત્તિઓમાં જ ગાળવા પડે છે. એટલે કે તેમનો બિઝનેસ વર્ષના છ મહિના સુધી ચાલી શકે છે. આ પ્લોટધારક કે ફેક્ટરી ધારકનું ઉત્પાદન અને વેચાણ ઓછુ હોય છે, જ્યારે લેબર અને મેનેજમેન્ટના પ્રશ્નો વધારે આવે છે. નફાનું ધોરણ ઓછું હોય છે અને ચોરીની ઘટનાઓ બને છે. બજારમાંથી ફેંકાઈ જવાનું શરૂ થાય છે. કોઈ પ્લોટ કે ફેક્ટરી ધારકના ૧૦૦ પોઈન્ટ કે તેથી વધુ પોઈન્ટ હોય તો જેટલા પોઈન્ટ વધે તેટલી તેની પ્રગતિ થાય છે. આ એક અનુભવસિદ્ધ માન્યતા છે.

વિદેશની કંપનીઓ વાસ્તુશાસ્ત્રનો ઉપયોગ કરે છે...

ભારતમાં વિદેશની એવી કેટલીક કંપનીઓ છે કે જેમણે તેમના પોતાના વાસ્તુશાસ્ત્રનો ઉપયોગ કરીને તેમના પ્લોટ કે ફેક્ટરીની ડિઝાઈન બનાવી છે અને તે કંપનીઓના સંચાલકો સફળ થયાં છે. સેમસંગ અને એલજી તેનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે. વાસ્તુશાસ્ત્રના યોગ્ય પ્રયોજનથી ઉત્પાદન અને વેચાણ વધે છે. કેશ ફ્લો વધે છે અને દેવું ઓછું થાય છે. ગ્રાહક અને સપ્લાયર સાથે સબંધો સુમેળભર્યા રહે છે. કંપનીનો સર્વાંગી વિકાસ થાય છે. આજના કોર્પોરેટ વાતાવરણમાં માત્ર ડિઝાઈન અને પર્યાવરણ જ નહીં, અંકગણિત તેમજ જ્યોતિષશાસ્ત્ર પ્રેરિત વાસ્તુશાસ્ત્ર પણ એટલું જ જરૂરી છે. વાસ્તુશાસ્ત્રએ યોગ્ય તકને ખેંચી લાવવાનો વૈજ્ઞાનિક અભિગમ છે, જે અંધશ્રદ્ધા નથી. કંપનીનો લોગો એ તેની સૌ પ્રથમ છાપ છે. આ લોકો પણ કંપનીની જગ્યા જોઈને ડિઝાઈન કરવો જોઈએ.

દુકાન-ઓફિસ માટે ટીપ્સ, જે ફાયદો કરાવશે...

દુકાન કે ઓફિસની અંદર વોર્મ વ્હાઈટ લાઈટ હોવી જોઈએ. મીઠાના પાણીના પોતાં કરવા જોઈએ. દક્ષિણ ભાજપમાં વાયોલેટ કલકનો બલ્બ ૨૪ કલાક ચાલુ રાખો. દુકાન કે ઓફિસમાં તૂટી ગયેલી કે જૂની વસ્તુઓ દૂર કરો. હળવું સંગીત ચાલુ રાખો. પ્રત્યેક સભ્યએ દાખલ થતી વખતે પહેલાં જમણો પર મૂકવો જોઈએ. દુકાન કે ઓફિસમાં વોશરૂમ પૂર્વ કે ઉત્તર દિશામાં હશે તો બેક લોનનો ભાર સહન કરવો પડશે. બ્રહ્મસ્થાનમાં જો ભારે વજનદાર વસ્તુ મૂકી હશે તો દેવું થવાની સંભાવના છે. દુકાન કે ઓફિસના માલિકે હંમેશા લાકડાની ખુરશી પર બેસવું જોઈએ, જો ખુરશી લોખંડ કે પાઈપની હોય તો વચ્ચે લાકડાનું પાટીયું રાખવું શુભ ગણાશે. ઓફિસનો કચરો મુખ્ય દરવાજા સામે એકઠો કરવો ન જોઈએ. ઓફિસનો મધ્યભાગ ખાલી રાખવો જોઈએ. નાનકડાં ઈન્ડોર ગાર્ડનનું પણ નિર્માણ થઈ શકે છે. ઘડિયાળ ક્યારેય બંધ પડેલી ન હોવી જોઈએ.